# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨૧ તા.૨૦-૨-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ (SVPIMSR) મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલમાં કરવામાં આવતી સારવારના મેડીકલ રીઅમ્બર્સમેન્ટ બાબત.

સંદર્ભ :- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, નાણાં ખાતુ સરક્યુલર નં.૭૮ તા.૧૫-૨-૧૯.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, મહે. મ્યુનિ. કમિશનરશ્રીની મળેલ મંજૂરીનાં ઠરાવ ક્રમાંકઃ૭૪ તા.૧૪-૨-૨૦૧૯ મુજબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદનાં કર્મચારીઓ, પેન્શનરો તથા તેમના આશ્રિતોએ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત 'સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ' (SVPIMSR) મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલમાં મેળવેલ વૈદકીય સારવાર બાબતે આ સાથે સામેલ અ.મ્યુ.કોર્પો.નાણાંખાતુ સરક્યુલર નં.૭૮ તા.૧૫-૨-૨૦૧૯ મુજબનાં નિયમોને આધિન રીઅમ્બર્સમેન્ટ કરવામાં આવશે. આ પરિપત્ર શાળાનાં તમામ કર્મચારીઓને વંચાવી શાળા દફતરે રાખશો.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૦-૨-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન**

સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧.


***નાણાં ખાતુ,***
***સરક્યુલર નંબર : ૭૮***
***તારીખ : ૧૫/૦૨/૨૦૧૯***

**સરદાર વલ્લભભાઇ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ (SVPIMSR) મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલમાં કરાવવામાં આવતી સારવારના મેડીકલ રીઅમ્બર્સમેન્ટ અંગેનો અગત્યનો સરકયુલર**

મહે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની મળેલ મંજૂરીના ઠરાવ ક્રમાંક : ૭૪ તા.૧૪/૦૨/૨૦૧૯ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીશ્રીઓ, પેન્શનરશ્રીઓ, એ.એમ.ટી.એસ ખાતાના કર્મચારીશ્રીઓ, પેન્શનરશ્રીઓ, મા.જે.પુસ્તકાલયના કર્મચારીશ્રીઓ, પેન્શનરશ્રીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના કર્મચારીશ્રીઓ, પેન્શનરશ્રીઓ, વા.સા.હોસ્પિટલના કર્મચારીશ્રીઓ પેન્શનરશ્રીઓ, તથા એ.એમ.સી મેટ મેડીકલ કોલેજના કર્મચારીશ્રીઓ, પેન્શનરશ્રીઓને તથા તમામના આશ્રિતશ્રીઓએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એ.એમ.સી. મેટ સંચાલિત સરદાર વલ્લભભાઇ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રીસર્ચ (SVPIMSR) મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલમાં મેળવેલ વૈદકીય સારવાર બાબતે નીચે મુજબના નિયમોને આધિન રીઅમ્બર્સમેન્ટ કરવામાં આવશે.

- SVPIMSR હોસ્પિટલ દ્વારા લેવામાં આવતો કન્સલ્ટીગ ચાર્જ તથા ફોલો અપ ચાર્જ રીઅમ્બર્સમેન્ટને પાત્ર રહેશે.
- ઉપરોકત તમામ સંસ્થાઓના કર્મચારીશ્રીઓ તથા પેન્શનરશ્રીઓ જો SVPIMSR હોસ્પિટલ ખાતે ઈન્ડોર તબીબી સારવાર અર્થે સ્પેશિયલ/ સેમી સ્પેશિયલ/ ડીલક્ષ/ સ્યુટ/ એકઝીકયુટીવ રૂમમાં દાખલ થશે તો તેઓને તમામ પ્રકારના ચાર્જીસ (રૂમ ચાર્જ, ડાયાગ્નોસ્ટીક ચાર્જ, ઓપરેશન ચાર્જ વગેરે) નું રીઅમ્બર્સમેન્ટ SVPIMSR હોસ્પિટલના જનરલ વોર્ડના ચાર્જીસ મુજબ જ કરવામાં આવશે અને તફાવતની રકમ જે તે કર્મચારીશ્રી કે પેન્શનરશ્રીએ ભોગવવાની રહેશે.
- SVPIMSR માં જુદા જુદા રોગ માટે ઓ.પી.ડી. સારવાર દરમિયાન કરાવવામાં આવતા જરૂરી લેબોરેટરી ટેસ્ટ, એકસ-રે, ઈ.સી.જી., સીટી સ્કેન, એમ.આર.આઇ વગેરેનું રીઅમ્બર્સમેન્ટ નિયમાનુસાર મળવાપાત્ર રહેશે.
- SVPIMSR માં લેવાયેલ સારવારની રીઅમ્બર્સમેન્ટ માટે રજૂ કરવાની થતી ફાઇલમાં નીતિ-નિયમ મુજબ SVPIMSR ના આર.એમ.ઓશ્રીના સહી-સિકકા કરાવ્યા બાદ જ રીઅમ્બર્સમેન્ટ અર્થે સુપ્રત કરવાની રહેશે.
- તા.૧૭/૦૧/૨૦૧૯ના રોજથી SVPIMSR હોસ્પિટલ કાર્યરત થયેલ હોવાથી લાગુ પડતા સબંધિત મ્યુનિ. કર્મચારીશ્રીઓને તથા પેન્શનરશ્રીઓને હદયરોગ અન્વયેના પરિપત્ર ક્રમાંક :- ૪૬ તા.૧૬/૦૮/૨૦૧૬ તથા કેન્સર, કીડની બાબતે પરિપત્ર ક્રમાંક :- ૪૧ તા.૦૧/૧૦/૨૦૧૩ મુજબ "મળવાપાત્ર નાણાં" તથા અન્ય રોગ માટે લેવાયેલ સારવાર માટે "આકસ્મિક સંજોગોમાં લીધેલ સારવાર" નો અભિપ્રાય સરદાર વલ્લભભાઇ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રીસર્ચ (SVPIMSR) મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલના આર.એમ.ઓશ્રી દ્વારા જ મેળવવાનો રહેશે.
- જે સંજોગોમાં મ્યુનિ. કર્મચારીશ્રીઓ તથા પેન્શનરશ્રીઓએ મેડીકલેમ મુજબ કલેઇમ કરેલ હોવા ઉપરાંત મેડીકલ રીઅમ્બર્સમેન્ટ મેળવવા માંગતા હોય તેવા કિસ્સામાં નાણાં ખાતાના પરિપત્ર ક્રમાંક : ૧૭ તા.૦૧/૦૭/૨૦૧૪ મુજબ જ અમલ કરવાનો રહેશે.
- ઉપરોકત તમામ મુદ્દા સિવાય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વા.સા. હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ તથા નગરી આંખની હોસ્પિટલ ખાતે મેળવેલ તબીબી સારવાર અંગે હાલની મેડિકલ રીઅમ્બર્સમેન્ટની નિતી અમલમાં રહેશે.
- મેડિકલ રીઅમ્બર્સમેન્ટની હયાત અને સૂચિત નિતી બાબતે કોઇ વિસંગતતા ઉપસ્થિત થાય તો તે સંજોગોમાં મે. મ્યુનિસિપલ કમિશ્નર સાહેબશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

**સહી :- ડે.મ્યુનિસિપલ કમિશ્નર**
**(નાણાં)**